सत्यमेव जयते

દાખલ તારીખ:– ૦૭/૦૧/૨૦૨૦

નોંધ્યા તારીખ:– ૦૭/૦૧/૨૦૨૦

**ફેંસલ તારીખ:– ૧૧/૦૯/૨૦૨૧**

સમયગાળો :– વર્ષ – માસ – દિવસ

૦૧ – ૦૮ – ૦૪

*******************************************************

**બીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાટણ**

*******************************************************

**ક્રિમીનલ કેસ નંબર :–૧૧૩/૨૦૨૦**

**આંક:–૦૬**

**ફરીયાદી:–** શ્રી સરકાર..

વિરૂઘ્ધ

**આરોપી:–** મોદી હસમુખભાઈ પુનમચંદ્ર,
ઉ.વ.૬૦, ધંધો–મજુરી,
રહે.પાટણ, હિંગળાચાચર રૂપસાગર દુકાનની સામે
ચિતારાની ત્રીજી ખડકી, તા.જી.પાટણ.

**ગુનો** : <u>જુગાર ધારા કલમ ૧૨ (અ) મુજબ....</u>

**-:: <u>કબુલાત ઠરાવ</u> ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૧/૧૧/૨૦૧૯ ના રોજ ક.૧૪/૩૦ વાગ્યાના સુમારે મોજે પાટણ બજારમાં પથ્થરીયા મસ્જિદ પાસે જાહેરમાં રોડ ઉપર વરલી મટકાનો આંક ફરકનો હારજીતનો જુગાર રમી રમાડી પોલીસ રેઈડ દરમ્યાન જુગારના સાહિત્યો તથા રોકડ રકમ રૂા.૧,૧૩૦/- સાથે પકડાઈ જઈ, જુગાર ધારા કલમ ૧૨ (અ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ. તે અંગેનું ચાર્જશીટ પોલીસે તપાસના અંગે અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની **આંક:૦૪** થી નો કલેઈમ પુરસીસ રજુ કરી **આંક:૦૫** થી પ્લી લેતાં આરોપીએ પોતાની સામેનો ગુનાનો સ્વૈચ્છિક એકરાર કરેલ છે અને તે સંદર્ભમાં **આંક:૦૩** થી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીઓને પુછતા કોઈ ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરતા હોવાનુ જણાવે છે.

(૩) આરોપીઓની કબુલાત પુરસીશ વંચાણે લેતા તેમજ આરોપીઓ પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં, તેમજ **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ પર** પ્રસિધ્ધ થયેલ નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, કેસના સંજોગો લક્ષમાં લેતા જો પુરતા કારણો જણાય તો અદાલત ન્યનતમ કરતા ઓછી સજા પણ કરી શકે છે. આમ, ઉપરોકત સંજોગો, ચુકાદા અને આરોપીઓની કબુલાત ધ્યાને લેતા આરોપીઓને સજા કરવી જોઈએ તેવું નમ્રપણે માનવું છે.

(૪) આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાત તેમજ ગુનાની ગંભીરતાને અને સંજોગોને ધ્યાને લેતા ગરીબ વર્ગના ઈસમ છે તેમજ તેઓનો પ્રથમ ગુનો છે. ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપતા હોઈ તેમજ કુટુંબની આર્થિક તેમજ સામાજીક જવાબદારી તેઓના શીરે હોઈ તેમજ સદર ગુના બાબતે અત્યંત પસ્તાવો કોર્ટ સમક્ષ વ્યકત કરતા હોઈ અને સદર ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે. તે સંજોગોમાં આરોપીઓને હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ મુજબ આરોપી મોદી હસમુખભાઈ પુનમચંદ્રને જુગાર ધારા કલમ ૧૨ (અ) મુજબ દોષિત ઠરાવી રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એક સો) પુરા નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો આરોપીને દિન ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કબજે કરેલ રોકડ રકમ રૂા.૧,૧૩૦/- સરકાર ખાતે ખાલસા કરવાનો તથા બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, તા.**૧૧મી,** માહે.**સપ્ટેમ્બર,** સને.**૨૦૨૧** ના રોજ મેજીસ્ટ્રેટની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧ **(એજાઝઅલી મખમુદઅલી બુખારી)**

પાટણ. બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,

પાટણ

Code No.GJ-01492.

**(R.B.CHAUHAN)**